**GUJARAT BILL NO. 4 OF 2021.**

# THE GUJARAT PROFESSIONAL MEDICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) (AMENDMENT) BILL, 2021.

## *A BILL*

*further to amend the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૪.**

# ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૧.

## ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમ ૬-નો સુધારો.

સન ૨૦૦૮નો ગુજરાતનો ૩જો.

૨. ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭માં, વિદ્યમાન કલમ ૬ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને આ રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

''(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આયુર્વેદ, હોમિયોપથી અને નેચરોપથી (નિસર્ગોપચાર પદ્ધતિ)ની વિદ્યાશાખાઓમાં બિનસહાયિત કોલેજો અથવા સંસ્થાઓની પંદર ટકા સરકારી બેઠકો, ભારત સરકાર મુકરર કરે તેવા સત્તામંડળે તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે ભરવામાં આવશે.''.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭થી, વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ આપવાના હેતુ માટે, બિનસહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં કુલ મંજૂર થયેલી બેઠકોની ૭૫% સરકારી બેઠકો અને ૨૫% સંચાલક મંડળની બેઠકો માટે જોગવાઈ કરી છે, જેમાં ૧૫% બિન-નિવાસી ભારતીયો માટેની બેઠકોનો સમાવેશ થાય છે.

ભારત સરકારે, આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપથી (આયુષ) મંત્રાલયના તારીખ: ૧૨/૦૪/૨૦૧૯ના તેના પત્ર ક્રમાંક: એફ.નં.ઝેડ.૧૬૦૧૧/ ૦૪/૨૦૧૮-ઇપી (આઈએમ-૧) ભાગ ૧થી, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે, સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો હેઠળ આયુષ (AYUSH)માં પ્રવેશ મેળવવા માટે, કેન્દ્રીય પરામર્શ માટેના અમુક વિનિયમો રજૂ કર્યા છે.

ઉપરોક્ત સંદર્ભોને લક્ષમાં લેતાં, એવું જરૂરી જણાયું છે કે આયુર્વેદ, હોમિયોપથી અને નેચરોપથીની વિદ્યાશાખાઓમાં બિનસહાયિત કોલેજો અથવા સંસ્થાઓની પંદર ટકા સરકારી બેઠકો, ભારત સરકાર મુકરર કરે તેવા સત્તામંડળે તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે ભરવી જોઈએ. સદરહુ અધિનિયમની કલમ ૬માં જરૂરી સુધારો કરવા ધાર્યું છે. વિધેયકની કલમ ૨-થી, તે માટેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**નીતિન પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧લી માર્ચ, ૨૦૨૧. **નીતિન પટેલ.**

# પુરવણી

## ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭

**(સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા)માંથી ઉતારા.**

---

**સરકારી બેઠકો અને સંચાલક મંડળની બેઠકોમાં પ્રવેશ બાબત.**

૬. વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ નીચેની રીતે આપવામાં આવશે:-

(૧) તમામ સરકારી બેઠકો પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે ભરવી જોઈશે; અને

(૨) સંબંધિત વ્યાવસાયિક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાના સંચાલક મંડળે ભરવાની સંચાલક મંડળની બેઠકો આવી બેઠકો, પર પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની આંતરિક ગુણવત્તાયાદીના આધારે ભરવી જોઈશે:

પરંતુ પ્રવેશ સમિતિએ તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાં વિદ્યાર્થીનું નામ આવતું હોય તે સિવાય, સંચાલક મંડળની બેઠક સામે કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહિ:

વધુમાં, કોઈ બિનનિવાસી ભારતીય બેઠક ખાલી રહેતી હોય ત્યારે, આવી બેઠક સંચાલક મંડળની બેઠકોમાંથી ભરવી જોઈશે:

વળી, સંચાલક મંડળની કોઈ બેઠક ખાલી રહેતી હોય ત્યારે, આવી બેઠક સરકારી બેઠકોમાંથી ભરવી જોઈશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૪.]

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૧લી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી .એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT PROFESSIONAL MEDICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) (AMENDMENT) BILL, 2021.**

**GUJARAT BILL NO. 4 OF 2021.**

***A BILL***

*further to amend the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.*

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) (Amendment) Act, 2021.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

H-510-1-SIS-10

**Amendment of section 6 of Guj. 3 of 2008.**

**2.** In the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007, the existing section 6 shall be renumbered as sub-section (1) of that section and after sub-section (1) as so renumbered, the following sub-section shall be added, namely:- **Guj. 3 of 2008.**

"(2) Notwithstanding anything contained in this Act, fifteen percent. Government seats of the unaided colleges or institutions in the disciplines of Ayurveda, Homeopathy and Naturopathy, shall be filled on the basis of merit list prepared by the authority as may be designated by the Government of India.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 provides for 75% Government seats and 25% management seats which include 15% Non-Resident Indian seats of the total approved seats in the unaided colleges or institutions for the purpose of admission into the professional educational colleges or institutions.

The Government of India vide its letter No. F.No.Z.16011/04/2018-EP(IM-1) Part-1, dated the 12/04/2019 of Ministry of Ayurveda, Yoga And Naturopathy, Unani, Siddha And Homoeopathy (AYUSH), has cited certain regulations for centralized counseling for the admission to the AYUSH under graduate and post-graduate courses for the academic year 2019-20.

In view of the aforesaid citations, it is considered necessary that fifteen percent. Government seats of the unaided colleges or institutions in the disciplines of Ayurveda, Homeopathy and Naturopathy, should be filled on the basis of merit list prepared by the authority as may be designated by the Government of India. Necessary amendment has been proposed in section 6 of the said Act. *Clause* 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

**NITIN PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative power in the following respects: -

***Clause 1.*** - Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette,* the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 1st March, 2021. **NITIN PATEL.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PROFESSIONAL MEDICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) ACT, 2007.

**(Guj. 3 of 2008)**

---

**Admission to Government seats and management seats.**

**6.** The admission of students in the professional educational colleges or institutions shall be given in the following manner, namely:-

(i) all the Government seats shall be filled on the basis of merit list prepared by the Admission Committee; and

(ii) the management seats to be filled by the management of the respective professional educational college or institution shall be on the basis of inter-se merit list of the students to be admitted against the management seats :

Provided that no students shall be admitted against the management seat unless his name appears in the merit list prepared by the Admission Committee:

Provided further that where any Non-Resident Indian seat remains vacant, such seat shall be filled in from the management seats:

Provided also that where any management seat remain vacant, such seat shall be filled in from the Government seats.

GUJARAT LEGISLATURE SECRETARIAT

# GUJARAT BILL NO. 4 OF 2021.

*A BILL*

*further to amend the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.*

**[ SHRI NITIN PATEL,**

**MINISTER FOR HEALTH AND FAMILY WELFARE ]**

**( As published in the Gujarat Government Gazette of 1st March, 2021)**

**D.M.PATEL,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

-------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.